|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૫

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે** **(૪×૫)**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી તે કયા પાઠમાં છે? તે લખો.**

૧. પીઢ **બાજોઠ, પાટલા આદિ** **પ્રતિક્રમણના બારમા વ્રતમાં**

૨. પૈશુન્ય **ચાડી–ચુગલ** **અઢાર પાપસ્થાનના પાઠમાં**

૩. અભગ્ગો **ભાંગે નહિ** **સામાયિકના ચોથા પાઠમાં**

૪. મુચ્ચંતિ **કર્મોથી મુક્ત થાય છે** **પાંચમા શ્રમણસૂત્રમાં**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. કયા દેવલોકમાં ચારસો વિમાન છે? **નવમા આણત અને દશમા પ્રાણત બંનેના મળીને ૪૦૦ વિમાન છે.**

૨. બંધન કેટલા છે? કયા? **બે. રાગ અને દ્વેષ**

૩. ૨૬ બોલમાં ઉપભોગ અને પરિભોગના બોલ કેટલા? આંકડામાં લખો. **૨૦, ૬**

૪. સંલેખના ક્યારે કરાય છે?

**અનસન ધારણ કરવાના જઘન્ય છ મહિના પહેલા અને ઉત્કૃષ્ટ બાર વર્ષ પહેલા કરી શકાય છે.**

**(3) નીચેનામાં માત્ર સંખ્યા લખો.**

૧. સાતમા વ્રતના ભોજન સંબંધી અતિચાર **૫** ૨. શિક્ષાવ્રતના અતિચાર **૨૦**

૩. અવસર્પિણીના બીજા આરામાં લાગતા અતિચાર **0** ૪. જ્ઞાન સંબંધી અતિચાર **૧૪**

૫. વેદક સમકિતી શ્રાવકના અતિચાર **૯૯** ૬. કાળ સંબંધી અતિચાર **૨**

૭. મહાવિદેહના શ્રાવકના અણુવ્રતના અતિચાર **૨૫** ૮. મોટા અતિચાર **૧૦**

**(૪) અદત્તાદાન એટલે શું? શ્રાવક કઈ ચોરીનો ત્યાગ કરે છે અન કઈ ચોરીનો ત્યાગ કરી શક્તા નથી?**

**અદત્ત–અન્યના આપ્યા વિના, આદાન–ગ્રહણ કરવું. જે કૃત્ય સમાજમાં ચોરી કહેવાય, જેનો દંડ ભોગવવો પડે તેવી ચોરીનો ત્યાગ કરે છે. પોતાના સ્વજનની કોઇ વસ્તુ ચોરીના ભાવ વિના લેવી, પેન–પેન્સિલ જેવી નજીવી વસ્તુ પૂછ્યા વિના લીધી હોય કે વ્યાપારમાં કોઇ સૂક્ષ્મ ચોરી થઈ હોય તેવી વસ્તુનો ત્યાગ નથી.**

**(૫) નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે? તે લખો.**

૧. નવરાત્રિમાં ગરબા રમતા રમતા કોઇનો વિનયભંગ કર્યો હોય. **અનંગકીડા**

૨. નવરાત્રિમાં અંબેમાની આરતી ઉતારી હોય. **પરપાસંડ પસંસા**

૩. સામાયિકમાં ક્યાંની નવરાત્રિ વખણાય છે તેની ચર્ચા કરી હોય. **વય દુપ્પણિહાણે**

૪. નવરાત્રિમાં મર્યાદા ઉપરાંત સચેત વસ્તુ ખાધી હોય. **સચિત્તાહારે**

૫. નવરાત્રિમાં મર્યાદા ઉપરાંત કપડાં ખરીદ્યા હોય. **કુવિયપ્પમાણાઈક્કમે**

૬. નવરાત્રિમાં દાણચોરીનું સોનું ખરીદ્યું હોય. **વિરુદ્ધ રજ્જાઈક્કમે**

૭. નવરાત્રિમાં ગરબે રમવા જવું હોય તે માટે સાસુને ગજા ઉપરાંતા કામ કરાવ્યું હોય. **અઈભારે**

૮. નવરાત્રિમાં આગલા દિવસનો વાસી શીરો મહાસતીજીને વહોરાવ્યો હોય. **કાલાઈક્કમે**

(૪૦)

**પ્ર.૨ નવ તત્ત્વના આધારે જવાબ લખો.** **(૪×૧૦)**

**(૧) વ્યાખ્યા લખો.**

૧. ભાવ બંધ **દ્રવ્યબંધના કારણભૂત મિથ્યાત્વાદિ ભાવો.**

૨. ઉપયોગ **ચેતના અર્થાત્ જ્ઞાન એ જીવનો મુખ્ય ગુણ છે અને જાણવું એ એક પ્રકારનો ચેતનાનો વ્યાપાર છે, તેને જ ઉપયોગ કહે છે.**

૩. પારંગત **સંસાર સાગરને પાર કરી ગયા છે.**

૪. પ્રમાણ કાળ **જે કાળથી દિવસ–રાત્રિ, વર્ષા આદિનું પ્રમાણ જણાય તેને પ્રમાણ કાળ કહે છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.**

૧. સત્કાર્યો તેનામાં ......, ......, ...... જેવા આત્મ ગુણોને પ્રગટાવે છે. **દયા, અનુકંપા, કરુણા**

૨. કર્મબંધથી ...... ની પરંપરા અને ...... ની પરંપરાનું સર્જન થાય છે. **જન્મમરણ, દુ:ખો**

૩. વર્તમાન સમય ...... અને ...... નો યુગ છે. **મહત્ત્વાકાંક્ષા, દેખાદેખી**

૪. જીવ ...... થી દૂર ભાગે છે. **પ્રતિકૂળતા**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.**

૧. વૈયાવચ્ચને કારણે કઈ સ્વસ્થતા પ્રાપ્ત કરે છે? (૩) **માનસિક, આત્મિક, ચિત્ત**

૨. સિદ્ધશીલા સફેદ કુંદ પુષ્પ સમાન કેવી છે? (૫) **શ્વેત, સુંદર, ક્રાંતિમય, સ્વાભાવિક નિર્મળ, સુખદાયક**

**(૪) નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧. અસમાધિભાવથી દૂર કોણ કરે છે? **કર્મસિદ્ધાંતની શ્રદ્ધા અને ત્રૈકાલિક સત્યની સમજ.**

૨. ડહાપણ શું છે? **શત્રુથી બચવા શત્રુના પ્રવેશદ્વારને બંધ કરવા.**

૩. વિશિષ્ટ ગુણોની અપેક્ષાએ જીવના સ્વરૂપના ૮ થી ૧૦ ના નામ લખો.

**૮) નિત્ય ૯) અરૂપી ૧૦) અવસ્થિત.**

૪. દર્શન મોહનીયના ઉદયથી કેટલા અને કયા પાપછે? **એક, મિથ્યાદર્શનશલ્ય.**

**(૫) એકેક તફાવત લખો.**

૧. સાંપરાયિક બંધ–ઈર્યાપથિક બંધ

**સાંપરાયિક બંધ : ૧ થી ૧૦ ગુણસ્થાન સુધીના સકષાયી જીવોના કર્મબંધને.**

**ઈર્યાપથિક બંધ : ૧૧ થી ૧૩ સુધીના વીતરાગી જીવોના કર્મભંધને.**

૨. સંવર–તપ

**સંવર : કર્મ પુદ્ગલોના પ્રવેશને બંધ કરવા, આવતા કર્મ અટકાવવા.**

**તપ : પૂર્વે કરેલા કર્મોનો નાશ કરવો.**

૩. ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય

**ધર્માસ્તિકાય : જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાય કરે.**

**અધર્માસ્તિકાય : જીવ અને પુદ્ગલને સ્થિર કરવામાં સહાય કરે.**

૪. સંસાર–મોક્ષ

**સંસાર : જીવ અને કર્મનો સંયોગ તે.**

**મોક્ષ : જીવ અને કર્મનો વિયોગ તે.**

**(૬) ચાર વિકલ્પમાંથી કયો વિકલ્પ અલગ પડે છે? શા માટે?**

૧. **મન પુણ્ય,** અન્ન પુણ્ય, વસ્ત્ર પુણ્ય, લયણ પુણ્ય

**મનપુણ્ય અનારંભી છે. બાકીના પુણ્ય આરંભી છે.**

૨. સ્નાન ત્યાગ, **દિશાની મર્યાદા,** ટી.વી. ત્યાગ, સિનેમા ત્યાગ,

**દિશાની મર્યાદા વૃત્તિસંક્ષેપ તપનો ભેદ છે બાકીના ત્રણ પ્રતિસંલીનતાના ભેદ છે.**

૩. અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત, **સાદિ અનંત**

**સાદિ અનંત ભંગ શૂન્ય છે. બાકીના ત્રણ ભંગ શૂન્ય નથી.**

૪. **વીતરાગતા,** અક્ષય સ્થિતિ, અમૂર્ત, અગુરુલઘુ

**વીતરાગતા ઘાતીકર્મના ક્ષયથી છે બાકીના ત્રણ અઘાતી કર્મના ક્ષયથી છે.**

**(૭) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. જીવ અને અજીવનો ભેદ કરનાર કયો ગુણ છે? (ચારિત્ર, તપ, દર્શન, **જ્ઞાન**)

૨. અંકૂરથી છોડ સુધીની પ્રક્રિયા એ શું છે? (વર્તના, ક્રિયા, **પરિણામ,** કાળ)

૩. સંસાર પરિભ્રમણનું બીજ કયું છે? (**પાપ,** સંસાર, મોહ, કર્મ)

૪. ઉત્તરાધ્યયન સૂત્રની અપેક્ષાએ બંધતત્ત્વનો કેટલામો નં. છે? (પાંચમો, આઠમો, **ત્રીજો,** છટ્ઠો)

**(૮) નીચેના વાક્યો જે તત્ત્વમાંથી લીધા હોય તેનું નામ, તેનો નં. લખવો. ઓપન બુકવાળાએ પાના નં. લખવા.**

૧. આ કર્મ જીવના જ્ઞાનને રોકશે કે દર્શનને? **આઠમું બંધ તત્ત્વ/૧૨૦**

૨.સર્વ પ્રકારના આશ્રવોનો અભાવ. **છટ્ઠું સંવર તત્ત્વ/૯૯**

૩. સૂર્યનો પ્રકાશ આતાપ કહેવાય છે. **બીજું અજીવ તત્ત્વ/૭૫**

૪. પ્રત્યેક જીવોના આત્મપ્રદેશમાં સતત એક પ્રકારનું કંપન થાય છે. **પાંચમું આશ્રવ તત્ત્વ/૯૩**

**(૯) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. જીવની પ્રત્યેક પ્રવૃત્તિ આશ્રવનું કારણ છે. **સાચું.**

૨. કાયાથી ૮ પાપ છે. **ખોટું. કાયાથી પાંચ પાપ છે.**

૩. પરમાણુને પરિણામી અનિત્ય કહેવામાં આવે છે. **ખોટું. પરમાણુને પરિણામી નિત્ય કહેવામાં આવે છે.**

૪. મુક્તિમાર્ગમાં નવ તત્ત્વ એ પાંખ સમાન છે. **ખોટું. મુક્તિમાર્ગમાં નવ તત્ત્વ એ આંખ સમાન છે.**

**(૧૦) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. પુદ્ગલ દ્રવ્યના કયા ભેદ છે? **પરમાણુ, સ્કંધ**

૨. વચન પુણ્ય કેવું છે? **આરંભી, અનારંભી**

૩. સંવરના અન્ય અપેક્ષા કયા ભેદ છે? **દેશ સંવર, સર્વ સંવર**

૪. તત્ત્વને સ્વીકારવા કઈ પદ્ધતિ સ્વીકારવામાં આવે છે? **જાગતિક, આત્મિક**

**(૨૦)**

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓનો ભાવાર્થ લખો. (ગાથા નહિ)** **(૬)**

૧. જા સા ...... પઈ ભવે ॥

**અર્થ : મરણકાલિક અનશન કાયચેષ્ટાને આધારે સવિચાર અને અવિચાર એમ બે પ્રકારનું છે.**

૨. અટ્ઠવિહ ...... માહિયા ॥

**અર્થ : આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની પિંડેષણા અને બીજા પણ અનેક પ્રકારના અભિગ્રહ છે, તેને ભિક્ષાચર્યા તપ કહેવાય છે.**

૩. જહા ઉ ...... સુણ ॥

**અર્થ : ભિક્ષુ રાગ–દ્વેષથી ઉત્પન્ન થયેલા પાપકર્મોને જે પ્રકારે તપ દ્વારા ક્ષય કરે છે, તેને તમે એકાગ્ર ચિત્ત થઈ સાંભળો.**

૪. વાયણા ...... ભવે ॥

**અર્થ : વાચના, પૃચ્છાના, પુનરાવર્તન, અનુપ્રેક્ષા અને ધર્મકથા, આ રીતે સ્વાધ્યાય તપના પાંચ પ્રકાર છે.**

**(૨) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૬)**

૧. સયણા **સણઠાણે વા, જે ઉ ભિક્ખૂ ણ વાવરે । કાયસ્સ વિઉસ્સગ્ગો, છટ્ઠો સો પરિ** કિત્તિઓ ॥

૨. પાયચ્છિત્તં **વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ । ઝાણં ચ વિઉસ્સગ્ગો, એસો અબ્ભિંતરો** તવો ॥

૩. અણેણ **વિસેસેણં, વણ્ણેણં ભાવ મણુમુયંતે ઉ । એવં ચરમાણો ખલુ, ભાવોમાણં** મુણેયવ્વં ॥

૪. ઓમો **યરણં પંચહા, સમાસેણ વિયાહિયં । દવ્વઓ ખેત્ત કાલેણં, ભાવેણં પજ્જ** વેહિ ય ॥

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૮)**

૧. તપ શેની મૂર્ચ્છા તોડવાનો અમોઘ ઉપાય છે? **શરીર**

૨. ક્રિયા સહિતને શું કહેવાય છે? **સવિચાર**

૩. આસનોનો સ્વીકાર એ કયું તપ છે? **કાયક્લેશ**

૪. શેની સાધનામાં તપ એ તીક્ષ્ણ સાધન છે? **કર્મક્ષય**

૫. પર્યાયથી જ્યેષ્ઠને શું કહેવાય? **રત્નાધિક/ગુરુ**

૬. અર્ધ પેટિકાના આકારમાં ગોચરી કરે તેને શું કહેવાય? **અદ્ધપેડા**

૭. થોડા સમય માટેનું અનશન એટલે શું? **ઈત્વરિક**

૮. ત્રણ શલ્ય અને ત્રણ ગર્વથી રહિત જીવ કેવો બને છે? **અનાશ્રવી**

**(૨૦)**

**પ્ર. ૪ કોઠો બનાવીને માર્ગણા લખો.**

**(૧) માત્ર સંખ્યામાં લખો. (૮)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. એકાંત અસંજ્ઞી અપર્યાપ્તામાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૦ | ૧૨૦ |
| ૨. સાધારણ શરીરી શાશ્વતામાં | ૦ | ૪ | ૦ | ૦ | ૪ |
| ૩. સમકિતી મિશ્રયોગીમાં | ૧૩ | ૧૮ | ૬૦ | ૧૪૮ | ૨૩૯ |
| ૪. એકાંત મિથ્યાત્વી ઔદારિક શરીરમાં | ૦ | ૩૦ | ૧૫૭ | ૦ | ૧૮૭ |
| ૫. ઉર્ધ્વલોક શુકલલેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૦ | ૨૨ | ૨૭ |
| ૬. પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં | ૭ | ૧૮ | ૧૦૧ | ૯૯ | ૨૨૫ |
| ૭. નોગર્ભજ બાદર વિભંગજ્ઞાનીમાં | ૧૪ | ૦ | ૦ | ૧૮૮ | ૨૦૨ |
| ૮. સંખ્યાત–અસંખ્યાતકાળની સ્થિતિવાળા | ૧ | ૨ | ૧૦ | ૫૧ | ૬૪ |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૨)**

૧. તિર્યંચમાં અવધિજ્ઞાન કોને હોય છે? **સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તામાં.**

૨. કાર્મણ કાયયોગ પર્યાપ્તામાં કોને હોય? **૧૫ કર્મભૂમિના પર્યાપ્તાને કેવળ સમુદ્ઘાત વખતે.**

**(૨) નીચેની માર્ગણા સમજૂતી સાથે લખો. (૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક ત્રસ ઔદારિકમાં | ૦ | ૨૬ | ૩ | ૦ | ૪૮ માંથી ૨૨ એકેન્દ્રિય વર્જી ૨૬, ૨ સંજ્ઞી મનુષ્ય+૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા | ૨૯ |
| ૨. અધોલોક વચનયોગીમાં | ૭ | ૧૩ | ૧ | ૨૫ | ૭ નરકના પર્યાપ્તા, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે., ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧ સંજ્ઞી મનુષ્યનો પર્યાપ્તો, ૨૫ ભવનપતિના પર્યાપ્તા | ૪૬ |
| ૩. વૈક્રિય શરીર સમકિતી આર્તધ્યાની શાશ્વતામાં | ૭ | ૫ | ૧૫ | ૮૧ | ૭ નરકના પર્યાપ્તા, બાદર વાયુકાય+૫ સંજ્ઞી તિ. પંચે.ના પર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા., ૮૧ દેવના, ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી ૧૮ વર્જીને ૮૧ ના પર્યા. | ૧૦૮ |
| ૪. કૃષ્ણલેશી નપુંસક વેદમાં | ૬ | ૪૮ | ૧૩૧ | ૦ | ૫, ૬, ૭ એ ૩ નરકના અપર્યા. પર્યા., ૪૮ ભેદ તિર્યંચના, ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા.+ ૧૫ કર્મભૂમિના અપર્યા.+પર્યા. ૩૦ એમ ૧૩૧ | ૧૮૫ |
| ૫. નો ગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તામાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ | ૫, ૬, ૭ ત્રણ નરકના અપર્યાપ્તા, નો ગર્ભજ તિર્યંચના ૩૮ ભેદમાંથી ૧૯ અપર્યા., ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા., ૫૧ જાતિના દેવના અપર્યાપ્તા | ૧૭૪ |

**જય – જિનેન્દ્ર**


❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
❋ FOR BOOKS AND EXAM REGISTRATION.